॥ ॐ श्रीं ॥

श्री सहचरीसंमेलन.

तृतीय संमेलन.

कीर्तनो.

રચનાર શ્રી ત્રિભુવનગોપાલ—વડોદરા.

પ્રસિદ્ધ કરનાર

શ્રીપ્રેમસાધકઅધિકારિવર્ગતરફથી

મુંજલાલ મોહનલાલ શુક્લ.

વડોદરા.

ધી આ ચંદ્રપ્રીન્ટીંગપ્રેસમાં જેઠાલાલ ઉમાશંકર દવેએ છાપ્યું.

નાગીઆ—અમદાવાદ.

સંવત્ ૧૯૭૫ ઈ. સ. ૧૯૧૯.

પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦

મૂલ્ય. ૦-૩-૦

૯૦૭૨

કીર્તનોની
અનુક્રમણિકા.

ગરબા.

॥ ॐ श्री ॥

श्री सहचरी संमेलन.

तृतीय संमेलन.

સ્થલ-શ્રી વિશ્વ-વંઘોદ્યાન-વડોદરા.

વૈશાખ શુક્લ. ૧૧-શનિવારથી વૈશાખ શુક્લ ૧૫ પર્યન્ત.

(તા: ૧૦.૫.૧૯ થી તા. ૧૪.૫.૧૯)

સંવત્ ૧૯૭૫.

कीर्तनो.

श्री इष्टस्तवन.

પદ ૧. (વદન કરીએ સ્તવન ત્રિત્ચરીએ, એ લય.)

સચ્ચિતસુખઘન, જય જય ભગવન્ !
કરીએ નમન દઈ તન મન જીવન: સચ્ચિત૦
અન્ન, ધન ને સદન, દો છો જાણી નિજ જન,
(હવે) જ્ઞાનઅન્ન, શાંતિધન, હૃદ્સદન,-નું કરાવો દર્શન; સચ્ચિત૦
આપ મલભંજન છો, આપ ભયભંજન,
દિવ્યાંજન, કંઈ નૂતન, આ નયન, આંજજો નિરંજન ! સચ્ચિત૦
અન્ય ચિંતનને ટાળી, અનન્યભાવે ચૈતન્ય,—
નું સ્મરણ, ને મનન, નિદિધ્યાસન, કરાવો પ્રતિક્ષણ: સચ્ચિત૦
ગ્રહેજો ભક્તિસુમન, સ્વીકારો શ્રદ્ધાચંદન,
આપ ચરણ-માં પૂર્ણ, અંતઃકરણ, કરીએ સમર્પણ; સચ્ચિત૦
કરુણાવર્ષણથી આ સહચરીસંમેલન,
કરો ધન્ય, સ્ત્રીજીવન, ઉદ્ધરણ, કરે જેથી ત્રિભુવન; સચ્ચિત૦

શ્રી જ૦ દેવી.

कर्तव्यना निदर्शनपूर्वक साधकभगिनीओने सत्कार.

પદ. ૨ (બંધુ થયા, હળી મળી ચાલીએ; એ લય.)

આવો સઉ, ફુલડે વધાવીએ, વહાલાં !
અર્થો કંઇ સાધીએ—સધાવીએ; વહાલાં ! આવો०
ઉત્સવ ઉજાવીએ જી, રસને રેલાવીએ જી,
ગાનને ગજાવીએ જી, ગુરુમંત્રધૂનને લગાવીએ; વહાલાં ! આવો०
ઐક્ય દઢાવીએ જી, જ્ઞાનને ખીલાવીએ જી,
આત્મા ઓળખાવીએ જી, સનાતન સત્યને ફેલાવીનેએ;
વહાલાં ! આવો०
દુઃખને ભૂલાવીએ જી, દુઃખીને હસાવીએ જી,
શાંતિ વર્ષાવીએ જી, ઉત્કર્ષે ઝુલીએ—ઝુલાવીએ; વહાલાં ! આવો०
હિતને સમજાવીએ જી, સુમાર્ગે વળાવીએ જી,
સાધના સધાવીએ જી, સાચી ગુરુકરુણા ઉપજાવીએ;
વહાલાં ! આવો०
નૃહરિબાલ કહાવીએ જી, નૃહરિબલ લાવીએ જી;
આત્મબળ ઝળકાવીએ જી, સાધકવર્ગને દીપાવીએ,
વહાલાં ! આવો०

श्री ज० देवी.

एकतानी ताळी.

પદ ૩ (મુખડાની માયા લાગીરે, એ લય.)

એકતાની આપો તાળી રે, સાહેલિ સૌ કો,
એકતાની આપો તાળી રે.
પરસ્પર આપો તાળી, હૃદયથી પ્રેમવાળી,
એકરૂપે સઉને ભાળી રે; સાહેલિ०
સ્નેહરસને રેલાવો, નહાઓ તેમાં નવડાવો,
લેજો અવનવો લ્હાવો રે; સાહેલિ०
દૃષ્ટિની વિશાળતાથી, થઇ રહેવું બહેની ! સાથી,
વૃત્તિ ટાળી ભેદમાંથી રે; સાહેલિ०
રાગ-દ્વેષ સર્વ દહો, ન્યૂનાધિકતા ન લહો,
ઉજ્જ્વળતા ઉમળકે વહો રે; સાહેલિ०

ઐક્ય જાતાં બળ જાતું, વિરોધમૂળ સિંચાતું,
બધું ખાખાવીખી થાતું રે; સાહેલિ૦
હૃદયની મૃદુતાથી, વાણીની મધુરતાથી,
રહો સર્વ એકતાથી રે; સાહેલિ૦

प्रमीलाबहेन.

सुस्वभाव राखवा स्त्रिओने सावधानताजनक उपदेश.

પદ. ૪ (કોઈ એક સમે મારા પ્રેમી પતિએ; એ લય.)

પેલું ખડ્ગ જોઈ સૌને થાય ભીતિ,
જોજે તુજમાં વાણી એવી તો નથી !
પેલી જ્વાળા જોઇ સઉ કંપી ઉઠે,
ક્રોધજ્વાળા એવી તુંમાં તો ન થતી !
પેલું ઝેર જોઇ ભય પામે સઉ,
એવું દ્વેષતું ઝેર તુંમાં તો નથી !
પેલા સર્પ-ફૂંફાડાથી સર્વ બ્હીએ,
એવો શબ્દ-ફુંફાડો તો ના કરતી !
પેલી ધૂણીના ગોટથી આંખ ભરાતી,
તુંમાં ક્લેશ-ધૂણી એવી તો નથી !
પેલા વીજ-કડાકાથી બ્હીતા બધા,
એવા મર્મ-ધડાકા ન ઉચ્ચરતી !
મારી વહાલી સખિ ! તુજમાં આવા, દુર્ગુણ—
દોષને લેશ ન સંઘરતી,
કરી સર્વ રીતે સુસ્વભાવ તારો,
ફર સર્વત્ર-સર્વનાં મન હરતી.

श्री ज० देवी.

गृहने स्वर्गसमान करवा स्त्रिओने हितवचन.

પદ. ૫ (ઉતરી સ્વર્ગથી સુરસમુદાય; એ લય.)

કરજો ગૃહને સ્વર્ગસમાન, ઓ શાણી ગૃહરાજ્ઞિ!
દેવો-ઋષિ-મુનિ જ્યાં કંઇ કંઇ, યોગિઓ-ધ્યાનિ,
આકર્ષાઈ આવે તત્ત્વજ્ઞાની; કરજો૦

સ્વચ્છ અને સુન્દર કરો, ગૃહ શક્તિઅનુસાર,
સ્મિત વદને સઉનો કરો, એ સદને[1] સત્કાર,
સ્થિતિઅનુરૂપ[2] કરજો, ઉરના ઉત્સાહે,
આગતની[3] કંઇ સ્નેહભરી મહેમાની; કરજો.

ગૃહનાં બાલકને કરો, ગૃહના ભૂષણરૂપ,
જીવન જેનાં સઉ લહે, ધ્રુવ-પ્રહ્લાદસ્વરૂપ,
મોટાં થાતાં યુધિષ્ઠિર, જનકાદિક જેવા,—
થાયે બુદ્ધસમ ત્યાગી-નિર્માની· કરજો.

પતિસહ રહી કરજો ઉંચો, દૈવી રસઆસ્વાદ,
ઉભય ઉભયના ચિત્તમાં, લાવો સત્ત્વપ્રસાદ,
મદાલસા, મૈત્રેયી, અરુંધતીજેવી,—
થઈ વિશ્વે વહેજો હે કલ્યાણિ ! કરજો.

પ્રમીલાબહેન

अभिलाषामात्रनी निवृत्तिपूर्वक केवल आत्मश्रेयार्थे सद्गुरुप्रति प्रार्थना.

પદ. ૬ (પ્રિયતમ પદ સેવા. એ લય).

ગુરુવર ! હિત મારૂં, સાધજો બાલ ધારી,
અવર ઉર ન હાવે, કોઇ ઇચ્છા જ મારી,
તવ પદ સ્મરૂં નિત્યે, અન્ય સઉને વિસારી,
ચરણશરણ યાચ્યું, બાલિકા હું તમારી.
હું તમારી તાત ! જાણજો સર્વથા તમારી,
હું તો હા...રી, લેજો ઉદ્ધારી આજ,
અદ્ધર આ મારૂં ઝાઝ, જાણી દાઝ, લો તારી; હું તમારી.
રહાજો બાંહ્ય, બાપજી ! આ સંસારમાં સદાય,
મારૂં હિત કરવા માંહ્ય, જશો જરી ના હારી; હું તમારી.

श्री ज० देवी.

---

૧ ગૃહમાં. ૨ સ્થિતિના પ્રમાણમાં. ૩ આવેલા માણસની.

પોતાના અજ્ઞાનથી વ્યવહારને ઉપાધિરૂપ જોતી સ્ત્રીઓના ઉદ્દગાર.

પદ. ૭ (બોલોને કંથ કોડામણુંરે; એ લય.)

પહોંચ્યાં સુખો આ સંસારતણાં રે, રહી ના કશીએ એમાં .
ઉપરથી એ તો રળીયામણાં રે, અંદરથી એ તો બ્હીઆમણા.
રોજ ઉઠી ચુલામાં કુંકણાંને ફુંકવાં, ઘસવાં પડે બળ્યાં વાસણાં.

ઓલી–પેલી આવી દોઢ ડાહી થઇને, કરી જતી ઘરનાં ખોદામણાંરે;
રહી ના૦

ખાડો આ પેટની પજવે તે જુદો, દીસે છે વરવાં લજામણાંરે;
રહી ના૦

ભૂત મરે ન ત્યાં તો જાગે પલીત આ, ઘાલે મહેમાન આવી
ધામણાં રે; રહી ના૦

કોઈ જગાએ કોણ મોકાણ બેસે, કોઈ જગાએ ઉઠામણાં રે;
રહી ના૦

જંપવા ન દે જરી બારણે આવીને, ભગત, ભીખારાં ને બામણાં રે;
રહી ના૦

શેકઇને સલવઇને કરીએ બધું તો એ, રહીએ ધણીને અળખામણાંરે;
રહી ના૦

દીઠા એ દેવ અને પ્હોંચી એ જાતરા, ભારે સંસારનાં સતામણાંરે;
રહી ના૦

આમાંથી તો કોણ જાણે ક્યારેએ, ભગવાન કરશે છોડામણાંરે,
રહી ના૦

* * * *

સંસાર છે ન દુઃખતાપણાં રે, દુઃખનાં દેનાર મન આપણાં.
માણો છો શીદને અકળામણાં રે, કરજોને મનની સુધારણા.
મનને સુધાર્યાથી જીવન આ આપણાં, સહજમાં બનશે સોહામણાંરે;
કરજો૦

જીવન સુધાર્યાથી સંસાર સુધરે, મટતી બધીએ વિટમ્બણા રે. કરજો૦
શાંતિ સંતોષ આદિ સદ્‌ગુણો કેળવ્યે, ટળતાં અંતરનાં મુંઝામણાંરે. કરજો૦
અજ્ઞાન ટાળીને જ્ઞાન ઉરે પામતાં, મટશે સઉ ક્લેશ ને કંકાસણાં રે; કરજો૦
સંસારદુઃખને સહજે તરી જશો, (જો) કરશો પ્રભુનાં સંભારણાં રે; કરજો૦

· શ્રી જ૦ દેવી.

उपासनानिमित्त उपदेश.

પદ. ૮ (નરતનુ પામી પંથિ! ઘણું કરવાનું; એ લય.)

ઉપાસના પ્રભુની કરજો, મનને નિરોધી.
સર્વમાં વ્યાપક પ્રભુને સહેજે લો શોધી, બહેનો! મનને નિરોધી.
બહાર જતું આ ચિત્ત હૃદયમાં વાળો, બહેનો!
ભીતરમાંહિ સર્વ વૃત્તિને રોધી, પ્રભુને સહેજે લો શોધી.
ઇષ્ટનો મંત્ર જપતાં ઉંડે ઉતરજો, બહેનો!
શાંત બની ત્યાગી સંકલ્પ વિરોધી; પ્રભુને૦
દૃશ્યનું ભાન ભૂલવા સાવધતા રાખો, બહેનો!
પ્રભુના સ્વરૂપમાંહિ લક્ષણા ગોંધી; પ્રભુને૦
ચિંતન ઉઠે ત્યાં જ તેને દબાવો, બહેનો!
ઇન્દ્રિયગણને[1] અભ્યંતર[2] અવરોધી; પ્રભુને૦
ઉપાસ્યસ્વરૂપ બનજો, ઉપાસના સાધી, બહેનો!
જયંતીજીવનમાં સઉને રહેલા પ્રબોધી; પ્રભુને૦

શ્રી જ૦ દેવો.

पारणानी दोरीनुं अभ्युदयक चेतनत्व.

પદ ૯. (દિલ મારૂં માને નહિ, મનડું ઠરે નહિ; એ લય.)

તારૂં નાજુકડું બાલ, થઇ તારે વશ હાલ, જેહ પોઢી રહ્યું છે પારણે,
લાવી અંતરથી વહાલ, રાખી રૂડી સંભાળ, તેને દૈવી બનાવવા ધારને.
તુજ હાથમાંની પારણાની દોરીમાંહિ અવનવું,
સામર્થ્ય કંઇ અપ્રકટ પણ અદ્‌ભુત રીતે છૂપાઇ રહ્યું;
એ દોરીદ્વારા બાલને તું જ્ઞાનઅમૃત પાય છે,
કાં પીવડાવી ઝેર તેને તું જ મારી ખાય છે;
રાખી ઉર શુદ્ધ ને રસાળ, દોરી તું હાથ ઝાલ, સ્થાપવા તેમાં સત્સંકારને; લાવી૦
આ બાલકેરા ભાલમાં લખનાર ભાવિ તું જ છે,
તું છે વિધાતા, જ્ઞાનદાતા, મોક્ષદાતા તું જ છે;
ભિક્ષુક કરે તુજ બાલને, કાં ચક્રવર્તી તું કરે,

---

૧ ઇન્દ્રિયના સમૂહને. ૨ અંતરના પ્રદેશમાં.

કાં ધર્મસંસ્થાપક કરે, આ દેશ જેથી ઉદ્ધરે;
કરીને ભાવના વિશાલ, બાલકને કર તું ન્યાલ, થોભી રહી છે
શા કારણે ? લાવી૦
જે દષ્ટિથી–જે ભાવથી–તુજ બાલ હીંચોળીશ તું,
તે બાલના આખા જીવનમાં, જાણુજે ભરી દઇશ તું;
પ્રકટાવ સાચો હીરલો, આ દેશમાં કો ઝળકતો,
જેના બળે ભારતભૂમિનો અભ્યુદય સહજે થતો;
તારા આંગણીયાને ઉજાળ, એવાં તું સર્વકાલ, બાલક ખેલાવીમે
બારણે; લાવી૦
प्रमीलाबहेन.

संसारतरणनिमित्त अभिमानीनी मनप्रति सोत्साहोक्ति.

પદ ૧૦ (જુઓ વિચારી સાચ્યું પેલીએ જીવતરમાં શું; એ લય.)

મારા અંતરના સાચા સ્નેહિ ! તું ચાલ આરે,
જોજે પળમાં તરી જઇશું, આપણા સામે કીનારે.
અનુકૂલભાવે જો તું મારો છે સંગી,
તરવો સંસાર એમાં મોટા છે ભાર શા રે ? મારા૦
કલેશ–ગભરાટ આપણ લેશ ન કરશું,
હસતાં–ખેલતાં જઇશું સહજમાં સામી પારે; મારા૦
ભીતિ ન લેશ ધરશું, પ્રીતિથી સહજે તરશું,
પ્રભુનાં મીઠાં સંગીત ગાતાં વહીશું વ્યવહારે; મારા૦
મોટા વમળને જોઈ, મોટા ખડકને જોઇ,
જીવનનું નાવ ચક્રે ચઢવીશું ના લગારે; મારા૦
ગંતવ્ય[1] સ્થાનપ્રતિ એક દૃષ્ટિને સ્થાપી,
પ્રભુની લીલાને જોતા વહીશું આ પારાવારે;[2] મારા૦
ચાલ ઓ ચાલ મારા સદાના સંગાથી વહાલા !
વાર હવે કરીશ તો બનશે નહિ મારે તારે; મારા૦
श्रीं ज० देवी.

---

૧ જવાના. ૨ સંસારરૂપી સમુદ્રમાં.

स्त्री जातिने विविध उपमाथी संबोधनपूर्वक सदुपदेश.

પદ. ૧૧ (આવજો આવજો જમુનાઘાટ, ત્યાં મળશું, એ લય.)

મધુરી, મધુરી, રમણિ રસાળ, મસ્ત રહે.
અંતરમાં જોજે ઉંડે, વાગે છે વાંસળીરે,
શુણવા ઓ મૃગલિ! ભરેજે ફાળ–તું તત્કાળ; મસ્ત૦
ટહુકો શુણાવજે તું, જ્ઞાનનો વિશ્વમાંરે;
કોકિલા! ચઢીને ઉંચી ડાળ–ત્યજી જંજાળ; મસ્ત૦
સત્યઅસત્યરૂપી નીર ને ક્ષીરનારે;—
વિવેકને કરજે હંસિ બાળ!–તું સઉ કાલ; મસ્ત૦
પ્રભુઘન[1] જોઈને તું થનગન કરતીરે,
નાચજે મયૂરિ! બાંધી તાલ, ધરીને વહાલ; મસ્ત૦
બ્હેની! નિરંતર કૃતિમનવચનેરે;
જીવન તારૂં તું રમ્ય–વિશાળ, ઉંચું ગાળ. મસ્ત૦

श्री ज० देवी.

हृदयमन्दिरमां आववा निमंत्रण.

પદ ૧૨. (આવી રૂડી આંબલીયાડાળ; એ લય.)

બ્હેનો હું પ્રેમે આમંત્રું છું રે, જોવાને શ્યામશરીર,
હ્રદયને મન્દિર, વહેલાં તમે આવજો રે.
ગુંચવાશો નહિ જગજાળમાં રે, જૂઠું જાણી એ તમામ,
સચ્ચિતસુખધામ, જોવા વહેલાં આવજો રે.
આવવા જ્યાં તમો નીકળો રે, કરજો કહું તે તો એક,
રાખી સાચો ટેક, વહેલાં તેથી આવશો રે.
વિષયોથી વૃત્તિને વાળજો રે, નિશ્ચલ કરજો આ મન,
તો દેવસદન, વહેલાં તમે આવશો રે.
સર્વ રીતે ઈશતત્ત્વમાં રે, ઘડી ઘડી થાજો વિલીન,
થવાને અભિન્ન, તો વહેલાં ત્યાં આવશો રે.
શુદ્ધ આનંદને આપતું રે, નરહરિ પ્રભુનું સ્વરૂપ,
સુન્દર ને અનુપ, જોવા વહેલાં આવશો રે.

प्रमीलाबहेन.

---

૧ પ્રભુરૂપ મેઘ.

લગ્નવિષયક ત્રણ સખિઓનો સંવાદ.

પદ. ૧૩ (વહાલા, વહાલા, બોલોને બોલ કાલા, એ લય.)

૧ સખીઃ સારૂં, સારૂં, લાગે છે સખિ ! સારૂં, આ દેહલગ્ન સંસારે સારૂં.
૨ સખીઃ પ્યારૂં, પ્યારૂં, જણાય મને પ્યારૂં, અહો ! સ્નેહલગ્ન સઉમાંહી પ્યારૂં.
૩ સખીઃ ચારુ[1], ચારુ છે લગનમાંહિ ચારુ; એક આત્મલગ્ન સઉથી છે ચારુ.
૧ સખીઃ દેહલગ્નથી વિવિધ આ, મળે વિષયના લ્હાવ,
સંસારે એ સમ નથી, બીજું સુન્દર નાવ;
જગમાં જન્મીને સ્ત્રીને, બીજો લ્હાવો શોજ ?
દેહલગ્નથી દેહની, મણાય જો ના મોજ; સારૂં સારૂં.
૨ સખીઃ ખારૂં, ખારૂં, પરિણામે એ ખારૂં, આ દેહલગ્ન તો છે થનારૂં; ખારૂં૦
દેહલગ્ન છે નાવ પણ, સ્નેહ જ તેનું સુકાન,
સ્નેહલગ્ન તેથી ગણું, હું તો સૌથી મહાન્;
દેહલગ્નથી દેહનો, કરવો પડે નિરોધ,
સ્નેહલગ્નથી હૃદયનો, કરવો પડતો રોધ; પ્યારૂં પ્યારૂં૦
૩ સખીઃ ન્યારૂં, ન્યારૂં, પરંતુ સઉથી ન્યારૂં, છે આત્મલગ્ન
મોક્ષનું દેનારૂં; ન્યારૂં૦
દેહલગ્નનૌકાતણું, સ્નેહલગ્ન સુકાન;
(પણ) સુકાન ખેડણહાર તો, આત્મલગ્નને જાણ;
લગ્નની ત્રૈવિધ[2] ભાવના, વસ્તુતઃ છે એક;
ત્રણનું સંયોજન[3] થતાં, લગ્ન ગણાયે એક;
તાર્યું, તાર્યું, તેણે કુલ સમસ્ત તાર્યું, આવું લગ્ન-વ્રત જેણે સ્વીકાર્યું.

શ્રી. જ૦ દેવી.

તત્ત્વપ્રદેશમાં વિહરનાર ચિત્તવિહંગના સ્વાનુભવોદ્ગાર.

પદ. ૧૪ (મારા એકતારા એકતાર; એ લય.)

હું તો કરૂં રમણીય ટહુકાર, હિમગિરિકેરા શિખરે રહીને,
કદી કદી ગગને વહીને, કદી કદી નીચે જઇને; હું તો૦
ઉંચે કે નીચે જાવું, મારે મન ભેદ ન તેમાં,
સઉથી અલિપ્ત હું રહેનાર; હિમગિરિ૦

---

૧ સુંદર. ૨ ત્રણ પ્રકારની. ૩ એકઠું કરવું-જોડવું.

નીચે હું જાઉં તોયે, કાદવથી ન રગદોળાઉં,
જળ-પદ્મસમ હું વિચરનાર; હિમગિરિ૦
ગગનવિહારી બની, હું ન અધિક ફુલાઉં,
સર્વદા સમસ્થિતિમાં રમનાર; હિમગિરિ૦
જગના જીવ-પક્ષી મિથ્યા, હર્ષ-શોકનાદો કરતાં,
વૃત્તિથી થઇને તદાકાર; હિમગિરિ૦
અહંમમતાને અંગે, વિકારો વિવિધ ઉદ્ભવતા,
તજી અહંમમ હું રહું અવિકાર; હિમગિરિ૦
અગમ્ય કશું ન મારે, મસ્ત બની દશદિશમાં.
સ્વતંત્રપણે હું કરૂં વિહાર; હિમગિરિ૦
કોઈને મુજ સાથ ઉરાડું, કોઇને હું દૂરથી ગાઇ,
ઉત્સાહપ્રેરક હું બનનાર; હિમગિરિ૦
મારામાં મસ્ત રહું હું, મુજમાં પૂર્ણત્વ લહું હું,
સુખસ્વરૂપ હું અપરંપાર; હિમગિરિ૦

શ્રી. જ૦ દેસાઈ.

લલનાનું લાવણ્ય.

પદ. ૧૫ (મારા પ્રભુ યાચું કંઇ, ઝાંખી કરાવો આપની એ રાગ.)

મીઠી-મધુરી વાણી જે શાણી સખી ઉચ્ચારતી,
ઉદ્ધારતી, ઉર ઠારતી, દુઃખભાન સર્વ વિસારતી.
સંતાપતી ના કોઇને, શાંતિ સદા એ આપતી,
ઉત્થાપતી સઉ કલેશ, સઉના હૃદયમાં તે વ્યાપતી.
નહિ મર્મવાળું, કલેશવાળું, ક્રોધવાળું બોલતી,
સઉ સાથ, સ્નેહથી વાત, કરી દિનરાત સુખમાં ડોલતી.
વૈરી અને વળી વિશ્વપતિ વશ થાય વાણીથી અતિ,
મૃદુ વાક્યમાં લલનાતણું લાલિત્ય છે એ જાણતી.
નિર્વૈરભાવે વાણી મીઠી હૃદય સાથે ભેળવી,—
જે બોલતી તે સર્વ જનને લે નિરંતર હેળવી.
કંઈ સ્મિતભરી વાણીવડે માધુર્યને રેલાવતી,
તે ગૃહ-કુટુંબે શોભી આખા જગતને શોભાવતી.
શુભવાણીમંત્રથી મુગ્ધ કરી, તે કરતી જે જે ધારતી,
જે સત્ય-પ્રિય-હિતકર વદે, પ્રત્યક્ષ તે છે ભારતી.

પ્રમીલાબ્હેન.

 ૯૭૩૨

સ્ત્રિઓની અદ્વિતીયતા.

પદ ૧૬ (જાઓજી રાજ તમથી હારી; એ લય.)

એવી તો એક દૈવી નારી,
અતીવ[1] ચમત્કારી; એવી૦
કાર્ય અગમ્ય[2] જે કરનારી, તોયે અવિકારી. એવી૦
સંકલ્પમાત્રમાં સૂર્ય સ્તંભાવનારી[3],
બ્રહ્મા, વિષ્ણુ, શિવને બાલક કરી દેનારી[4],
યમપાશથી પતિને સહજે છોડવનારી[5],
અદ્‌ભુત બલધારી; એવી૦
જેની ચંપી કરતાં ધર્મે ન લજ્જા ધારી[6],
ટાળી વાર્ધક્ય પતિને યૌવન અપાવનારી[7],
શંકર[8]-મંડન[9]વાદે મધ્યસ્થ થનારી,[10]
જ્ઞાનને પ્રસારી, એવી૦
આવી મન્નારી ગૃહ-કુલ-દેશને લે તારી,
મોક્ષની, શાસ્ત્રે તેને ગણી સાચી અધિકારી,
બ્હેનો ! આપણે પણ તેવાં થવા વિચારી,—
કરો સુયત્ન ભારી;
થાશું તો આપણ દૈવી નારી.

શ્રી જ૦ દેવી.

ધ્યાનમાં અનાહત ધ્વનિના સહસા કરેલા શ્રવણનું પુનઃ શ્રવણ કરવા નિમિત્ત ઇષ્ટને વિજ્ઞપ્તિ.

પદ ૧૭ (એ અટપટી કળા કંઈ તારી; એ લય.)

એ ક્યાં છુપાય બંસી બજાવી,
તનમનને ચેતનમય કરતો,
સુન્દર સૂર શુણાવી; એ૦
મોહક ને મહા મદભરી બંસી,
દે છે ભાન ભૂલાવી,

---

૧ અત્યંત. ૨ કોઇથી ન થઈ શકે એવાં. ૩. નર્મદા. ૪ અનસૂયા. ૫ સાવિત્રી. ૬ દ્રૌપદી. ૭ સુકન્યા ૮ શંકરાચાર્ય. ૯ મંડનમિશ્ર. ૧૦ સરસ્વતિ.

નાદ અનાહત અગમ્ય કરી કંઇ,
મનથી મુગ્ધ બનાવી; એ૦
બંસીનાદ શુણુવાને બીજા,
નાદ દીધા પલટાવી,
ઠામઠામ ભટકું ઘેલી બની,
હાથ જગા એ ના'વી; એ૦
થાકી હારી યાચું મુરલીધર !
દે કાં આમ નચાવી ?
કરગરી કહું એ સ્વર શુણુવાની,
બતાવ મુજને ચાવી; એ૦

प्रमीलाबहेन.

केळवणीसंबंधी अज्ञान स्त्रिओना भ्रमजनक विचारो.

પદ. ૧૮ (દામની છે દુનિયા તમામ, એ લય.)

કામની ના વિદ્યા જરાય, બહેન, અભણુ મેરી કામની જણાય.
તમે મેલોને પૂળો વિદ્યામાંહ્ય, બહેન, અભણુ૦
કેડ કસી ધંધો ધારી ના કરે ભણેલી ઘરમાં,
ઉશેટી છૈયાં આયાં, જાતી, ફરવા બાહેર છરમાં રે; અભણુ૦
મોટાની મરજાદ ન રાખે, ઉઘાડે મોંયે ફરતી,
માથે છેડો નાંખે એ તો, ભણેલી શાખા કરતી રે; અભણુ૦
દેવપૂજા ઉઠી ના કરતી, છાપું લઇને વાંચે,
બમણા ફાડે દેશની વાતે, સુધારો કરવા નાચે રે; અભણુ૦
ચપટી ન આપે ભીખારીને, કહે ધરમ નથી આમાં,
વાટ ઉઠી એ ભણુતરમાં રહો, એનો ધરમ તે શામાં રે; અભણુ૦
તીરથ ન કરતી, નદીએ ન નહાતી, સભામાં ખાતી ગોથાં,
કથા ન સાંભળે બામણુની, ઉથલાવે ખાલા થોથાંરે; અભણુ૦
નાત જાતને તોડી પરણે, મરજીમાં આવે ત્યાં,
ભણેલીઓના કરમે આવ્યો, હડહડતો કળજુગ આ રે; અભણુ૦
અભણુ બિચારી ઘરનો વટ ઘરમાં રહીને સાચવતી,
કર કરીયાવર કરી નાતીલાનાં મનને રીઝવતી રે; અભણુ૦
વિદ્યાનું તો નામ જ બાળો, છેડો વાળો એનો,
મારૂં માનો તો જીવતરમાં, ભણુશો ના કદી બહેનો રે; અભણુ૦

શ્રી જ૦ દેવી

एक छतां अनेकरूपे प्रतीत थता अंतर्यामीनुं संशोधन.

પદ ૧૯ (હું તો જોગણ બની છું મારા વા'લમની; એ લય.)

હું તો શોધી રહી છું મારા જીવનને,
જીવનને, મારા મોહનને; હું તો૦
કદી મુજ નાથ જડી આવશે આ વૃક્ષમાંહિ,
બની કોયલ મધુર સ્વરેથી તો હું ત્યાંહિ,
કંઇ કરી રહીશ હું કૂજનને; હું તો૦
કદાપિ આવશે મળી પ્રાણ મારો પુષ્પમાંથી;
ન ચસું એક તસુસરખું પણ હું ત્યાંથી,
બની ભ્રમરી કરૂં ત્યાં હું ગુંજનને; હું તો૦
કહેતા નાથ, કદી હું વસું છું આંખમાંહિ,
ન મારે કામ જીવનકેરૂં છે બીજું કાંઇ,
(મને) મળે તો લગાવું સ્નેહઅંજનને; હું તો૦
માનવ મન્દિરમાં રહું છું: એમ કહેતા કદી,
ન ચહુ અન્ય, મળી આવે મને ક્યાંહિ યદિ,
ભેટું એ મારા ભવભંજનને; હું તો૦

श्री ज० देवी.

स्वरूपानुभवनी गेयभावना.

પદ ૨૦. (ખીલી રૂપેરી રાત, એ લય.)

માણું મનમાં જે મોજ, તેને મુખે શું કહું સખિ !
અનુભવું જે હું રોજ, અંતરમાં જ્યારે ઠરી રહું સખિ !
ખીલેલું દિવ્ય હૃદયપદ્મ આ, તેની મધ્યકલિમાંય,
સુન્દર સ્વરૂપ કોઇ,
મોહી રહું જોઇ જોઇ,
થઇને નિઃસંકોચ; તેને૦
સત્ અંશથી એ સ્થિત છે થયું, ચિદંશેથી પ્રકાશ,
એ જ મારી જીવનજ્યોત,
હુંથી જે છે ઓતપ્રોત,
ભેદ નવ કશો જ; તેને૦

મન આ મળી જઈ તેમાંહિ, તે સ્વરૂપે થતું સ્થિત,
સુખસ્વરૂપ થઇ રહે,
સ્વરૂપવિણુ ન કંઇ લહે,
ન હું ન ત્યાં સરોજ;[1] તેને૦

प्रमीलाबहेन.

हृदयमानसरमां विहार करवा वृत्ति हंसलिआने निमंत्रण.

પદ ૨૧ (અહો ! આ તે શો મીઠલડો નાદ; એ લય.)
આવો માનસર-વિહારિણી રમ્ય, મારી મીઠી હંસલિયો !
તમ સ્થાનક તો છે અગમ્ય, મારી મીઠી હંસલિયો !
સંસાર-સરવરીયાકાંઠે ન કરશો, માનસરોવરનાં ઓ વાસિ!
પતકો ને સારસો ભલે ત્યાં ભ્રમ્યા કરે,
એમા કહોને મઝા શી !, મારી૦
જાણુતા રંખ તમે સંસારવિષયોને, મનોહર મોતીનણો ચારો.
દેખાય ધોળું પણ દુધે ભર્યું ન એ તો,
સંસારનો સ્વાદ ખારો, મારી૦
નિર્વિષયી[2] સાચા સુખકાજ આ સંસારવાસનાને ત્યજો ઓ રાજહંસિ
હૃદયમાનસરમાં[3] જો મ્હાલશો તમે તો,
સહજે થઇ રહેશો દેવાંશી; મારી૦
श्री ज० देवी.

एक रमणीय दृश्य.

પદ. ૨૨ (ગૃહસ્થાશ્રમની શોભા સઘળી એ લય.)
જુઓ ! જુઓ ! આ પેલું કેવું રમણીય દશ્ય જણાય.
સૌખ્ય-સ્નેહ-આનંદતણી શી, સરિતા ત્યાં રેલાય...(૩) જુઓ૦
નાનકડું પણ ગૃહ શું સુંન્દર ! સ્વચ્છ-વ્યવસ્થિત અને મનોહર,
સઉ જ્યાં સત્કારાય સદાય, પ્રેમતણાં સહ-ભાગી થાય; સૌખ્ય૦
બાલક પણ કેવાં ત્યાં દીસે, સુદઢ, સુશીલ, વિનયી અતિશે,
બુદ્ધિવૃદ્ધિ જેની લહાય, રમતાં રમતાં જ્ઞાન કમાય; સૌખ્ય૦

---

૧ હૃદયકમળ ૨ સંસારના વિષય વિકારો વિનાના. ૩ હૃદયરૂપી માનસરોવરમાં.

સરલતાથી ગૃહકાર્યો થાયે, વિગ્રહ-વિવાદ જ્યાં ન જરાયે,
દિવ્ય દંપતીસ્નેહ ભળાય, ઉભય ઐક્યથી સદા સુહાય; સૌખ્ય૦
(ત્યાં) તેજસ્વી બધું શાથી ભાસે? શાથી સર્વ રહે ઉલ્લાસે?
નારીરત્ન રહે તેમાંહ્ય, પુણ્યરૂપ તેથી પેખાય, સૌખ્ય૦
જે ગૃહમાં છે સુશીલ નારી તે ગૃહસ્થાશ્રમની બલિહારી,
એવો ગૃહસ્થાશ્રમ જો કરાય, નારીજીવન તો ધન્ય ગણાય; સૌખ્ય૦

શ્રી જ૦ દેવી.

વનિતાવિજયનું અંતિમ ગાન.

પદ ૨૩. (કુમારિકાના કોડનો પામે ન કોઇ પાર; એ લય.)

વરિષ્ઠ વનિતાનો વિશ્વે વિજય વિજય,
દુઃખોનો કરે તે વિલય વિલય વિલય.
વિશ્વઅધિષ્ઠાત્રી વનિતા ગણાય છે,
પ્રેમપિયૂષદાત્રી વનિતા ગણાય છે;
તનમનાત્મધાત્રી વનિતા ગણાય છે,
સુશાંતિપ્રદ રાત્રિ વનિતા ગણાય છે,
સંસારે, તે ઠારે, સુધારે, ઉદ્ધારે,
પ્રસારે તે સર્વમાં અભય, અભય, અભય,
ગણી પૂજ્ય તેને વંદે હૃદય હૃદય, વરિષ્ઠ૦

શ્રી જ૦ દેવી.

॥ ॐ श्रीं ॥

मंगलाकार कीर्तनो.

(ગરબા.)

———:०:———

श्री सरस्वतीस्तवन.

પદ ૧. (વર્ષાઋતુની વાદળી જેમ મેઘને મળતાં; એ લય.)

બ્રહ્માંડકેરા સૂક્ષ્મ તારોમાંહિ ઝણુઝણુતી,
આ વિશ્વ–વાતાવરણુમાંહિ અનુરણુન કરતી;
ચૈતન્ય શક્તિ પ્રેરી અદ્દભુત જીવનબલ ભરતી,
જય જયતુ કંઠ–વિલાસિનિ ! અક્ષરજલે તરતી !
સ્વીકારજે આજે આ પ્રેમભરી પ્રાર્થના,
ભક્તિપૂર્ણ અંતરથી કરીએ આરાધના; સ્વીકારજે૦
જ્ઞાનવાણી વીણાને આજ તું વગાડજે,
ગાઢ સુષુપ્તિમાંથી સહુને જગાડજે,
વિદ્યામાં ચિત્ત આ સમસ્ત તું લગાડજે,
કામો કરાવજે પરાર્થના; સ્વીકારજે૦
તારી શુદ્ધ સાચી ઉપાસના કરાવજે,
વાણીમાં સદંશ ને ચિદંશ તું ભરાવજે,
અલ્પ આ સ્તુતિથી પરિપૂર્ણતા અપાવજે,
તારી બાલાની એ અભ્યર્થના; સ્વીકારજે૦

श्री सा० देवी.

———

पोतानी वीणाना नारीरूप तारोने चेतनमय विश्वहितैषी नाद करवा श्री सरस्वतीनो उपदेश.

પદ ૨. (શો બ્રહ્મનાદ ગાજે, એ લય.)

મારી વીણાતણા તારો, કરી એક સુર તમારો,
કરો નાદનો રણકારો, અનંતમાં.
ચેતનમય સ્વર પ્રસારો ગાનથી દિગંતમાં; વીણાતણા૦
સમગ્ર નારી વિશ્વમાં, મુજ વીણાના તાર,
તેનાં સુમધુર જીવન એ, તારતણો રણકાર,

જીવનને સંગીતમય—સુસ્વરિત—કંઇ બનાવજો,
ગાનમાં નિજ—પર—હિતનો રમ્ય ધ્વનિ ગજાવજો,
કર્તવ્યે દિવ્યતા દઢાવજો; વીણાતણા॰
સ્નેહ—શૌર્ય—આનન્દનાં, જ્ઞાનતણાં કંઇ ગાન,
સ્વદેશનાં—સર્વેશનાં, ગાજો બની એકતાન,
પ્રાણને પ્રસારો તમે જડ ને જીવંતમાં; વીણાતણા॰
સાવધ બની હાવે તમે, લેજો આશ્રય મુજ,
ઉખર સૃષ્ટિને કીજીએ, નવપલ્લવિત કુન્જ.
ઇશ્વરીરૂપે સુહાઓ આદિ—મધ્ય—અંતમાં; વીણાતણા॰

શ્રી જ૦ દેવી,

ભારતપુત્રીને અભિનંદન.

પદ. ૩ (મને ભૂલી ગયો છે મારો છેલડો રે; એ લય.)

અભિનંદન એ ભારતની પુત્રીને જો,
જેને પગલે પનોતો સંસાર, સુખસાર,
તેને વધાવું વિશ્વ—આંગણે રે.
જેનું હૃદય સ્નેહ—સરવરીયે તરવરે જો,
જેના ડગલે ને પગલે સુવિચાર, સદાચાર,
તેને રમાડું હૃદય—ચોકમાં રે.
દેવી સદ્‌ગુણો—સામર્થ્યવડે શોભતા રે,
જેના અંકમાં ઉછરતા કુમાર, સુકુમાર,
તેનાં લઉં હું ઓવારણાં રે.
જેના તેજથી સમગ્ર દેશ ઓપતો રે,
જેના બલથી આ દેશનો થનાર,—સમુદ્ધાર,
તેનાં ગાઉં હું ગુણ—ગીતડાં રે.
તમ પાતિવ્રત્ય પુણ્યના પ્રવાહથી રે,
સદા અમૃતમય કરજો ભર્તાર, પરિવાર,
જેથી (અંતે) સોહાશો બ્રહ્મ—મન્દિરે રે.

શ્રી જ૦ દેવી.

संसारने उज्ज्वल करवा शुक्लपक्षनी रात्रीना दृष्टांतद्वारा बोध.

પદ. ૪. (મારી સજનિ ! તું ક્યાં રમી આવી; એ લય.)

જો ! જો ! સજનિ ! કેવી ખીલી રહી આ રજની !
રમવા આવ, આવ, આવ.
કર ગ્રહીને, માંહિ ગાઈ ગરબે ઘુમવાનો,
લઇ લે લ્હાવ, લ્હાવ, લ્હાવ.
અમૃતરસ રેલંતી રાત્રિ, હૈડાં શીતલ કરતી,
અંતરમાં ઉજ્જવલતા ભરતી, બહિરંતર સંચરતી; રમવા૦
વિભાવરી[૧] આ વિભવભરી છે, શાંત સુચેતનવાળી,
તેમાં પતિગુણ-પ્રભુગુણ ગાવા, ઓ લલના રઢીયાળી ! રમવા૦
કુમુદિનીસંગે રંગે રમતો, ચમકે શો ચાંદલીયો,
રસિકહૃદયને રસબસ કરતો, તેમાં હર્ષથી અલિ ઓ ! રમવા૦
ચન્દ્રચન્દ્રિકાસમી તું બનજે, ઓ શાણી સખિ ! મારી,
તારા સંસારના પ્રદેશે, થા તું ઝગઝગનારી; રમવા૦

श्री ज० देवी.

प्रभुना ज्ञानरश्मिनुं आगमन अने उपदेश.

પદ. ૫. (ચાલો, ચાલોને જળ સીંચવા; એ લય.)

આવ્યાં, આવ્યાં આ મર્ત્યલોકમાં, અમે આવ્યાં રે,
લાવ્યાં લાવ્યાં, કંઇ સુસન્દેશ, દેવાને ઉપદેશ; આવ્યાં આ૦
પ્રભુના અનુપમ જ્ઞાનનાં, અમે રશ્મિઓ રમ્ય,
પ્રભુઇચ્છાથી આપીએ, રહસ્ય કંઈક અગમ્ય,
જેને ઉર ઉતારતાં, તમે જ તમને સદ્ય,
સહજ સ્વભાવે ભાળશો, સુખરૂપતાની મધ્ય;
શાને દુઃખી ને દીન રો' તમે, ભવમાંહિ રે,
ખોટો તમારો જીવવેષ, તમે તો પરમેશ; આવ્યાં આ૦
જેને ન્યારૂં જાણતાં, તે જ તમારૂં રૂપ,
નથી હવાડો પણ તમે, છો પાતાળી કૂપ;

---

૧ રાત્રી.

નથી તમે જડ મૂર્તીઓ, નથી તમે અજ્ઞાન,
તમે જ છો આ વિશ્વમાં, જ્ઞાનતણું પણ જ્ઞાન;
મિથ્યા પોતાને મર્યાદિત ક્યાં, તમે માનો રે,
તમે છો મુક્ત સુખેશ, રહિત સર્વ ક્લેશ; આવ્યાં આ૦
અનન્તમાં વ્યાપ્યાં તમે, અનન્તરૂપ તમે જ.
ભરી રહ્યાં તમમાં સદા, અનન્તતાનાં તેજ,
સર્વશક્ત છો સર્વદા, ઐશ્વર્યાધિષ્ઠાન,
સન્મય ચિન્મયરૂપ છો, સર્વનું [illegible]સ્થાન;
સન્દેશ મહા ગંભીર આ, ઉર ધારો રે,
ચિંતી સ્વરૂપ હંમેશ, બની રહો મહેશ; આવ્યાં આ૦


શ્રી જ૦ દેવી.

સદ્‌ગુણ એ જીવનની રમણીયતા છે.

પદ. ૬. (ગાડી આવી ગુજરાત, અગન કેરી; એ લય.)

થાવું સુગુણશૃંગાર, સખિ! એ તો શોભા જીવનની,
સદ્‌ગુણનો ઝળકાર, સખિ! એ તો જ્યોતિ ચેતનની.
કંટકમાં પણ શું ખિલ્યું! પેલું રમ્ય ગુલાબ,
તેમ સખિ! ખિલવું ઘટે, હોય છોને વ્યવહારનો દાબ; સખિ૦
નિર્મલ નિર્ઝરસમ બની, વહેવું આ સંસાર,
શીતલ-રસબસ રાખવાં, નિજ કુટુંબતણાં નરનાર; સખિ૦
પથરા-માટીમાં રહી, બનવું રત્ન અમૂલ્ય,
એમાં સુશીલ સ્ત્રીતણું, જાણવું કાંઈ સાચું મૂલ્ય; સખિ૦
જડતારો આંગળીવડે, જેમ કરે રણકાર,
કિલષ્ટ હોય વ્યવહાર પણ, તેમાં ભળી કરો રસ-ઝણકાર; સખિ૦
નીતિ પ્રીતિ ને વળી, વિદ્યાથી શોભાઓ,
પ્રભુની સેવા જાણી એ, પ્રભુચિંતી પ્રભુમય થાઓ; સખિ૦

શ્રી. જ૦ દેવી.



સંમેલનમાં સ્ત્રીઓએ પાલન કરવાના નિયમો

...લે સાડા પાંચ વાગતાં ઘંટ થતાં ઉઠવું, અને સ્નાન આદિથી ...રી સાત વાગતાં સંયમમાટે નિશ્ચય કરેલા સ્થળે બેશી જવું.

...થી સાડા નવ વાગતા સુધી પ્રત્યેક સ્ત્રીએ પોતપોતાને આસન બેસી, જપ, ધારણા વગેરે સંયમની ક્રિયાઓ કરવી.

કોઈ પણ સ્ત્રીએ અન્ય સ્ત્રીને વિક્ષેપ થાય એવી કોઇ પણ ક્રિયા સંયમના સ્થાનમાં કે તેની આસપાસ કરવી નહિ.

૪ સાતથી સાડા નવ વાગતા સુધી પ્રત્યેક સ્ત્રીએ પોતાના આસન-ઉપર ક્રિયા કરતાં બેસવું. આસન છોડી ગમે ત્યાં ફરવું નહિ. કોઈ કારણને લીધે જરૂર પડે તો ઉઠવું, પણ કામ થઇ રહે તત્કાળ પોતાને આસને આવી બેસવું.

૫ સંયમના સમયમાં, દૂર જઇને પણ વાતો કરનાર અથવા સમયનો દુરુપયોગ કરનાર સ્ત્રીઓ ઉપર દેખરેખ રાખવામાં આવશે. અને તેમના અયોગ્ય કૃત્યમાટે ફરીથી તેમને સંમેલનમાં દાખલ કરવાં કે કેમ તે સંબંધી ઘટતો વિચાર કરવામાં આવશે.

૬ જે સ્ત્રીઓએ પોતાનાં નાની ઉમરનાં બાળકોને સાથે આણ્યાં હોય, તેમણે તે બાલકો સંયમમાં કોઇને કોઈ જાતનો વિક્ષેપ ન કરે, તેમ બીજા વખતમાં પણ બીજાને અગવડ પડે એવી ગરબડ ન કરે, તેવી સાવધાનતા રાખવી. તેમ ન થતાં બાલકોથી થતા દોષોનાં જવાબદાર તેમનાં વડીલોને જ ગણવામાં આવશે.

૭ સાડા નવ પછી ભોજન આરતી વગેરેમાં કશી ગરબડ ન કરતાં નિયમપ્રમાણે તે વિધિ કરવો.

૮ ભોજનનો સમય થયે તત્કાળ ભોજનશાળામાં આવી હાજર થવું.

૯ સાંજે પાંચ વાગે સ્નાન કરવાની જેમને ઇચ્છા હોય તેમણે સ્નાન કરી બરાબર પોણા છ વાગતા સુધીમાં વ્યાખ્યાનમંડપમાં આવી જવું.

૧૦ વ્યાખ્યાન તથા કીર્તનના સમયમા વાતોની કે બાજી કશી ગરબડ ન કરવી, તેમ ત્યાં બાલકો પણ કશી ગરબડ ન કરે એ ખાસ ધ્યાનમાં રાખવું.

૧૧ વ્યાખ્યાન તથા કીર્તનપછી નવરાશના વખતમાં ભજનો વગેરે ગાવાં, અથવા નિર્દોષ આનંદવાર્તા કરવી. સંમેલનના દિવસોમાં કોઇની નિંદા, ટીકા કે કોઇને ખોટું લાગે તેવી કશી ક્રિયા કે વાતો ન કરવી.

૧૨ રાત્રે નિદ્રા લેવા માટે ઘંટ થાય એટલે પછી તરત પોતપોતાને સ્થાને જઇ સુઇ જવું.

૧૩ આ નિયમોનો જાણી જોઇને ભંગ કરનાર સ્ત્રીઓને સંમેલનમાં ભાગ લેવાનાં અનધિકારી ગણવામાં આવશે.

नवीन ग्रंथ.

श्री जयन्तीपद्यपीयूष.

प्रथम बिन्दु.

શ્રીમતી જયન્તી[illegible] [illegible] પ્રથમ સંગ્રહ કરવામાં આવ્યો છે તેમ, [illegible], [illegible] [illegible] [illegible], [illegible] [illegible] રચાયલાં છે. સ્ત્રી પુરુષો [illegible] જીવનના ઉત્કર્ષમાં આમ ઉપયોગી થઈ પડે એવાં [illegible] આમાં છે. કાવ્ય અને સાહિત્યની દ્રષ્ટિથી જોનારાઓને પણ તેમાંના અનેક પદ્યોમાં આનંદના [illegible] છે. પ્રત્યેક વાચકને આ ગ્રંથ મનન કરવા યોગ્ય જણાયા વિના રહે એમ નથી. મૂલ્ય ૦-૧૨-૦ પો. ૦-૨-૦

મળવાનું ઠેકાણું:—

વ્યવસ્થાપક મહાશય.

વડોદરા.